સ્કીમ અરજી નં.૧૯/૨૦૨૦

પરિશિષ્ટ- "અ"

શ્રી ગુજરાતી હાલારી સમવાય ચાતુર્વેદીય મોઢ બ્રાહ્મણ જ્ઞાતી હિતેચ્છુ મંડળ, રાજકોટ.

નોંધણી નં. એ-૬૬૨/રાજકોટના વહીવટ અને સંચાલન માટેની સ્કીમ.

કલમ-૧ નામ

આ સંસ્થાનું નામ શ્રી ગુજરાતી હાલારી સમવાય ચાતુર્વેદિય મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ હિતેચ્છુ મંડળ, રાજકોટ. રહેશે.

કલમ-૨ ઉદેશ

જ્ઞાતિનો સંર્વાગી વિકાસ સાધવો

કલમ-૩ સભાસદો કોણ થઇ શકે, તેના નિયમો

(અ) જ્ઞાતિમાં ૧૮ વર્ષથી ઓછી ઉમર ન હોય તેવી કોઇપણ વ્યક્તિ (સ્ત્રી-પુરૂષ) જેને મંડળના ઉદેશ તથા ધારા ધોરણ માન્ય હોય તેને મંડળે ઠરાવેલ લવાજમ ભરીને આ મંડળના સભાસદ થવાનો અધિકાર રહેશે.

(બ) પરંતુ કોઇપણ સભાસદ મંડળના હિત વિરૂધ્ધ પ્રવૃતિ કરે તો તે કારણે એક વખત ચેતવણી આપ્યા બાદ સામાન્ય સભાની ૩/૪ બહુમતિથી તેને એક વર્ષ માટે સભ્યપદમાંથી રદ કરી શકશે. તેવા સભાસદને મંડળના ફંડ તથા કોઇપણ કાર્ય સાથે બિલકુલ સબંધ રહેશે નહિ.

(ક) ઉપર્યુક્ત કલમ(અ) પ્રમાણે થયેલા સભાસદ જેને ઉપર્યુક્ત કલમ(બ) પ્રમાણેની કોઇપણ ગેરવર્તણુંકના કારણે સભ્યપદ ગુમાવ્યું નહીં હોય એવા દરેક સભાસદ પોતાને મળતા હક્કો ભોગવી શકશે.

કલમ-૪ મંડળનું વર્ષ

મંડળનું વર્ષ એપ્રિલની પહેલી તારીખથી માર્ચની એકત્રીસ તારીખ સુધીનું ગણવામાં આવશે. તેમજ વખતો વખત સરકારશ્રીના નિયમો અનુસાર તેમાં ફેરફાર કરવામાં આવશે.

કલમ-૫ લવાજમ

(૧) દરેક સભ્યે વાર્ષિક લવાજમ રૂા. ૨૫/-(પચ્ચીસ) આપવાના રહેશે.

(૨) સભ્ય લવાજમ તરીકે ભરેલી રકમ કોઇપણ સંજોગોમાં પાછી આપવામાં આવશે નહીં.

(૩) આ સંસ્થાને એકી સાથે
રૂા. ૭૫૧/- આપનાર મુરબ્બી (પેટ્રન) સભ્ય
રૂા. ૩૫૧/- આપનાર હિતેચ્છુ સભ્ય
રૂા. ૧૫૧/- આપનાર આજીવન સભ્ય ગણવામાં આવશે.

(૪) આજીવન સભ્ય, હિતેચ્છુ સભ્ય તથા પેટ્રન સભ્યે વાર્ષિક લવાજમ આપવાનું રહેશે નહીં. ( અને તેઓને સભ્ય તરીકેના સર્વ હક્કો તેમની જિંદગીપર્યંત રહેશે.)

(૫) જ્ઞાતિના કોઇપણ વ્યક્તિ વર્ષ દરમ્યાન ગમે ત્યારે લવાજમ ભરી સભ્ય થઇ શકશે. પરંતુ લવાજમ ( તે વર્ષની પહેલી એપ્રિલથી ૩૧ માર્ચ સુધીનું ગણાશે.) જે તારીખથી સભ્ય લવાજમ ભરશે તે તારીખથી સભ્યને બંધારણિય હક્ક મળશે.

(૬) મુરબ્બી, હિતેચ્છુ કે આજીવન સભ્ય તરીકે રકમ આપનાર વ્યક્તિઓના નામ સંસ્થાના મકાનમાં કાયમ માટે રાખવામાં આવશે.

(૭) સભાસદોના હક્કોને લાગે વળગે છે ત્યાં સુધી તમામ પ્રકારના સભ્યોના હક્કો સમાન રહેશે.

(૮) બંધારણની કલમ-૩(બ) તથા ૫(૨) તમામ પ્રકારના સભ્યોને લાગુ પડશે.

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ

કલમ-૬ <u>કાર્યાલય</u>

(૧) આ મંડળનું કાર્યાલય રાજકોટ ખાતે રહેશે.

(૨) આ મંડળની કોઇપણ સ્થળે શાખા ખોલવામાં આવશે નહીં પરંતુ આ મંડળની સામાન્ય સભાના આદેશ મુજબ ભારતમાં કોઇપણ સ્થળે એક અથવા વધારે કોમ્યુનિટિ હોલ, વિધાર્થી ભુવન, તથા જ્ઞાતિના વિકાસ માટેની અન્ય પ્રવૃતિઓ ચલાવી શકાશે અને તેનું સંચાલન કારોબારી સમિતિ તરફથી કલમ-૧૨(૬) મુજબ રચવામાં આવેલ પેટા સમિતિ મારફત કરી શકશે. આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે "શાખા ખોલવામાં આવશે નહીં" તે શબ્દ ઉપરોક્ત પ્રવૃતિઓને લાગુ પડશે નહીં.

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ

(૩) કાર્યાલયનું મુખ્ય સ્થળ કાયમને માટે ફેરવવાની જરૂર પડે તો સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોની ૩/૪ બહુમતિથી થઇ શકશે.

કલમ-૭ <u>સભ્યોના હક્કો</u>

(૧) પોતાના મળેલા મતાધિકારોના કારણે દરેક સભ્ય મંડળનું મુખ્ય અંગ બની રહેશે.

(૨) સભ્યો દર બે વર્ષે મંડળનો વહીવટ આદર્શ રીતે કરવા માટે વ્યવસ્થા કરવા બંધારણ અનુસાર પોતાના મતો આપીને ઇચ્છાનુસાર મંડળના સભ્યોમાંથી કોઇપણ એક વ્યક્તિને બહુમતિ દ્વારા પ્રમુખ તરીકે ચુંટી શકશે. તેમજ બંધારણની જોગવાઇ અનુસાર પ્રમુખશ્રી કારોબારી સમિતિના સભ્યો નીમી શકશે અને એ રીતે મંડળના કાર્યમાં પોતાનો અસરકારક ભાગ ભજવી શકશે.

(3) દરેક સભ્ય મંડળની દ્વિ-વાર્ષિક સામાન્ય સભા(અધિવેશન) ના નિમંત્રણને હક્કદાર રહેશે.

(૪) જે ગામમાં અધિવેશન બોલાવવામાં આવે તે ગામમાં બહારગામથીઆવતા સભ્યોએ અધિવેશન પ્રવેશ ફી (ડેલીગેટ ફી) રૂા. ૧૦/-(દસ) આપવાની રહેતી નથી. પરંતુ અધિવેશનમાં હાજર રહેતા મંડળનાંસભ્યોએ અધિવેશન પ્રવેશ ફી તરીકે રૂા. ૧૦/-(દસ) આપવાના રહેશે. પણ સ્વાગત સભ્યોએ ઓછામાં ઓછી સ્વાગત ફી રૂા.૧૦/- (દસ) આપવાના રહેશે.

(૫) દરેક સભ્ય બંધારણ અનુસાર નોટીસ આપીને કોઇપણ ઠરાવ રજુ કરી શકશે અને બહુમતિ દ્વારા તેવા ઠરાવો પસાર કરાવી શકશે. તેમજ કારોબારીને તેનો અમલ કરવાની આજ્ઞા આપી શકશે.

(૬) સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યો મંડળના ભંડોળને બંધારણ અનુસાર સાચવવા ત્રણ ટ્રસ્ટીઓની ચૂંટણી કરશે અને એ રીતે મંડળના આ બીજા અગત્યના અંગમાં પોતાનો અસરકારક ભાગ ભજવી શકશે.

(૭) મંડળનો વાર્ષિક હિસાબ દર વર્ષે કાયદા મુજબ ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે પાસ કરાવવાનો રહેશે અને તે અંગેની ઓડીટર તરીકેની નિમણુંક સામાન્ય સભામાં ઠરાવ દ્વારા કરવામાં આવશે.

(૮) મંડળનું કામ વ્યવસ્થિત રીતે ચાલતું નથી એમ લાગે, બંધારણ પ્રમાણે સામાન્ય સભા બોલાવવામાં આવતી ન હોય, પ્રમુખની ચુંટણી કરવામાં ન આવે, અને એવું કાંઇપણ કારણ જણાય કે જેથી મંડળને ગંભીર પ્રકારનું નુકશાન થવા સંભવ હોય એવા સંજોગોમાં મંડળના કુલ સભ્યોના ૧/૫ સભ્યો મળી લેખીત સહીથી કારણો દર્શાવી ૪૫ દિવસમાં પ્રમુખને સામાન્ય સભા બોલાવવા કહી શકશે. પ્રમુખ આ સમય મર્યાદામાં સામાન્ય સભા બોલાવવામાં નિષ્ફળ જશે તો ઉપરોક્ત સહી કરનાર સભ્યો મંડળના ખર્ચે સામાન્ય સભા બોલાવી શકશે.

(૯) મંડળના પ્રમુખ અનિવાર્ય સંજોગોમાં મંડળના હિતને લક્ષમાં રાખી કારોબારી સમિતિની સહમતિથી સામાન્ય સભા બોલાવી શકશે.

કલમ-૮ <u>પ્રમુખ અને કારોબારી સમિતિની ચૂંટણીઓ</u>

(૧) પ્રમુખની ચૂંટણી બંધારણની કલમ ૭(૨) પ્રમાણે સભ્યોને મળેલા હક્કની રૂએ બહુમતિથી કરવામાં આવશે.

(૨) કારોબારી સમિતિમાં નીચે મુજબના કુલ ૧૧ સભ્યો રહેશે. તેમાં પ્રમુખ, ઉપ-પ્રમુખ, મંત્રીઓ, કોષાધ્યક્ષ, સભ્યો, એક્સ ઓફિસયો સહિત રહેશે.

(૩) મંડળના પ્રમુખની ચૂંટણી અને કારોબારી સમિતિની રચનાબંધારણમાંની જોગવાઇ અનુસાર દર બે વર્ષે કરવામાં આવશે.

(૪) નવી ચૂંટણી થતાં સુધી મંડળના કાર્યના હક્ક વર્તમાન કારોબારી પાસે રહેશે.

(૫) ચૂંટણીની વ્યવસ્થા કરવાની જવાબદારી વર્તમાન કારોબારીની રહેશે.

(૬) કારોબારી સમિતિના કુલ ૧૧ સભ્યો રહેશે તેમાં પ્રમુખ પોતાની ઇચ્છાનુસાર ઉપ-પ્રમુખ, મંત્રીઓ, કોષાધ્યક્ષ અને સભ્યો, એક્સ ઓફિસયો સહિત નિમશે અને કારોબારીની રચના કરતી વેળાએ પ્રમુખશ્રી બની શકે ત્યાં સુધી વિભાગીય પ્રતિનિધિત્વ તથા સ્ત્રી પ્રતિનિધિત્વ આપવા અંગે ખ્યાલ રાખશે.

(૭) કલમ ૭(૨)માં દર્શાવ્યા પ્રમાણે પ્રમુખની ચૂંટણી માટે મંડળના દરેક સભ્યોને ઉમેદવારી પત્ર ભરવા માટે જાણ કરવામાં આવશે આ જાહેરાતમાં ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે. ઉમેદવારી પત્રનો નમુનો પણ જાહેરાતમાં પ્રદર્શિત કરવાનો રહેશે. ઉમેદવારી પત્ર ભરવા માટે ઓછામાં ઓછો ૧૫ દિવસનો સમય આપવાનો રહેશે.

(૮) પ્રમુખ તરીકે ઉમેદવારી નોંધાવનાર વ્યક્તિ છેલ્લા બે વરસથી મંડળના સભ્યપદ તરીકે ચાલુ રહેલ હોવો જોઇએ.

(૯) ઉમેદવારી પત્ર આપવાની છેલ્લી તારીખ સુધીમાં નોંધાવેલ સભ્યને જ મત આપવાનો અધિકાર રહેશે.

(૧૦) ઉમેદવારી પત્રની ચકાસણી બંધારણ અનુસાર કરવામાં આવશે અને કોઇપણ સંજોગોમાં ઉમેદવારી પત્ર નકારવામાં આવશે તો તેની જાણ જે તે ઉમેદવારને કરવામાં આવશે.

(૧૧) ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખથી ૧૫ દિવસની અંદર ઉમેદવારી પત્ર પાછુ ખેંચી શકાશે.

(૧૨) ઉમેદવારી પત્ર નિયત ફોર્મ મુજબ ભરનારની સંપૂર્ણ યાદી તેમજમતદાર યાદી ઉમેદવારી પત્ર સ્વીકારવાનાં છેલ્લા દિવસથી ૧૫ દિવસમાંમંડળના કાર્યાલયમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. મતદાર યાદીની નકલઉમેદવાર માંગે તો તેને ખર્ચ લઇ આપવાની રહેશે.

(૧૩) મતદાર યાદીમાં કોઇનું નામ સભ્ય તરીકે સમાવિષ્ટ કરવા કે નહીં કરવા અંગે કંઇપણ વાંધા હોય તો વાંધો ઉઠાવનારે તે વાંધા અંગે મતદાર યાદી પ્રસિધ્ધ થયાની તારીખથી સાત દિવસની અંદર મંત્રી સમક્ષ લેખીત રજુઆત કરવી. આ અંગે ચકાસણી કર્યા બાદ જરૂર જણાયે જરૂરી સુધારા વધારા મંત્રી મંડળના કાર્યાલયમાં પ્રસિધ્ધકરશે.

(૧૪) ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ બાદ મંડળના સભ્યોનેમતપત્રક તેમાં દર્શાવેલ સુચના મુજબ તેમાં દર્શાવેલ તારીખ સુધીમાં દર્શાવેલ સ્થળે પોતાની ઇચ્છા મુજબ મત આપીને બંધ કવરમાં પાછા મોકલી આપવાના રહેશે. મતપત્રકો મોકલવા માટે ઓછામાં ઓછા ૨૧ દિવસ આપવાના રહેશે. પ્રમુખની જગ્યા માટે મતદારોને મતપત્રકમાં દર્શાવેલ ઉમેદવારોમાંથી એકને મત આપી શકશે અથવા તે સિવાયના પોતાને યોગ્ય લાગે તે સભ્યનું નામ પ્રમુખ તરીકે સુચવી તેને મત આપી શકશે.

(૧૫) છેકછાકવાળા, અધુરા ભરેલા, મુદત બાદ આવેલા, ભુલચુકવાળા મતપત્રકો રદ ગણવામાં આવશે.

(૧૬) મતપત્રકો સ્વિકારવાની છેલ્લી તારીખ બાદ મતદારો તરફથીઆવેલ મતપત્રકોની કારોબારી સમક્ષ મત ગણતરી કરવામાં આવશે અનેચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવશે. આ કારોબારીની બેઠકની તારીખ અને સ્થળની જાણ ઉમેદવારને કરવામાં આવશે અને દરેક ઉમેદવાર અથવા લેખીત ઓથોરીટી સાથેનાં તેના એક એજન્ટ આ કારોબારીની બેઠકમાં હાજર રહી શકશે. મતગણત્રીમાં ન્યાયની ઉચ્ચ કક્ષા જાળવી રાખવામાં આવશે.

(૧૭) ચૂંટણી અથવા મતગણત્રી અંગે વિવાદ ઊભો થાય તો લાગતા-વળગતા વિવાદકર્તાએ આ અંગે સામાન્ય સભાને ફરીયાદ કરવાની રહેશે. સામાન્ય સભા મતોની ચકાસણી તેમજ ચૂંટણી અંગેના વાંધાઓ અંગે નિર્ણય આપશે અથવા તેની તપાસ કરવા માટે પ્રમુખ અને બીજા સભ્યોની બનેલી એક સમિતિ નિયુક્ત કરશે. સામાન્ય સભાનો અથવા ઉપરોક્ત સમિતિનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા ગણાશે.

(૧૮) કોઇપણ અનિર્વાય સંજોગોમાં ઉપરોક્ત નિયમ અનુસાર ચૂંટણીયોજવાનું શક્ય ન બને તો અથવા પ્રમુખની જગ્યા માટે ઉમેદવારીપત્ર ન આવે ત્યારે સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યો બહુમતિથી પ્રમુખની ચૂંટણી કરી શકશે.

(૧૯) આ ટ્રસ્ટના કારોબારી સભ્યો ટ્રસ્ટના સમગ્ર સંચાલન, વહીવટ, વ્યવહાર અને મિલ્કત સંબંધેના વ્યવહારો અંગે સંયુકત અને વિભકત જવાબદાર રહેશે.

(૨૦) કારોબારી સભ્યની મુદત દરમ્યાન જગ્યા ખાલી પડે ત્યારે બાકીની મુદત માટે યોગ્ય સભ્યની કારોબારી સભ્યો બહુમતીથી ઠરાવ કરીને તેટલી મુદત માટે કારોબારી સભ્યની નિમણુંક કરી શકશે. તેમજ કોઇપણ સંજોગોમાં નિયત સમયમાં ચુંટણી ન થાય તો, વધુમાં વધુ છ માસ માટે જે તે સમયના ટ્રસ્ટી કે કારોબારી સભ્યો વહીવટ કરી શકશે.

કલમ-૯ <u>સ્વાગત સમિતિ અને તેની ફરજો</u>

(૧) બંધારણની કલમ ૭(૪)માં જણાવ્યા પ્રમાણે જે સ્થળે અધિવેશન બોલાવવાનું નિમંત્રણ દ્વારા નક્કી કરવામાં આવ્યું હોય ત્યાનાં સ્થાનિક જ્ઞાતિ બંધુઓ સંજોગો અનુસાર સ્વાગત સમિતિ રચી શકશે

(૨) એ રીતે રચાયેલ સ્વાગત સમિતિના સભ્યોએ સ્વાગત સભ્યોનુંલવાજમ, ખર્ચ માટેના બંદોબસ્ત, સભ્યોની ફરજ વગેરે બાબતો નક્કી કરવાની રહેશે.

(3) સામાન્ય સભામાં હાજર રહેનાર દરેક સભ્યો માટે ઉતારા, ભોજનવગેરેની વ્યવસ્થા કરવાની, સભા ભરવાનાં સ્થળની ગોઠવણ કરવાની જવાબદારી સ્વાગત સમિતિની રહેશે ઉપરાંત, અધિવેશનની નિમંત્રણ પત્રિકા, ટપાલ ખર્ચ અહેવાલ છપાવવો વગેરે ખર્ચ પણ સ્વાગત સમિતિએ કરવાનો રહેશે.

(૪) કલમ ૭(૪) પ્રમાણે સામાન્ય સભામાં હાજર રહેનાર દરેક વ્યક્તિએ ડેલીગેટ ફી રૂા.૧૦/- (પુખ્ત વયની વ્યક્તિઓ માટે ફરજીયાત) સ્વાગત સમિતિને અધિવેશન ફી તરીકે આપવાની રહેશે. આ રકમ સ્વાગત સમિતિ પોતાના ખર્ચના ઉપયોગમાં લઇ શકશે.

(૫) બંધારણની કલમ ૭(૪) માં જણાવ્યા પ્રમાણે જે સ્થળે અધિવેશન બોલાવવાનું નિમંત્રણ દ્વારા નક્કી થશે તો અધિવેશન ખર્ચ પેટે ખર્ચના ૫૦ ટકા સુધીની આર્થિક મદદ જો સ્વાગત સમિતિ માંગણી કરશે તો

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *
સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

મંડળ મદદ કરી શકશે પરંતુ આ મદદ રૂા. ૨૦,૦૦૦/-(વીસ હજાર) થી કોઇપણ સંજોગોમાં વધારી શકાશે નહીં

કલમ-૧૦ અધિવેશન અથવા સામાન્ય સભા

(૧) બંધારણને અનુસરીને દર બે વર્ષે સામાન્ય સભા અથવા અધિવેશન બોલાવવાની ફરજ વર્તમાન કારોબારીની રહેશે. એ રીતે બોલાવેલી સામાન્ય સભા અથવા બંધારણની કલમ ૭(૮) પ્રમાણે બોલાવેલી સામાન્ય સભા પોતાની સંસ્થાનો વહીવટ જેમને કરવા માટે તેઓએ સોંપ્યો છે તે બરાબર ચાલે છે કે નહીં અથવા તેમાં ફેરફાર કરવાની જરૂર છે કે નહીં, તે બાબતના બહુમતિ દ્વારા દરેક પ્રકારના નિર્ણયો કરવાની છેવટની સત્તા ધરાવતી સભા ગણાશે.

(૨) સૌથી પહેલાં સામાન્ય સભા માટે હાજર રહેલા સભ્યો વિષય વિચારમાટે મળશે તેમાં બજેટ સિવાયની સભાની ખુલ્લી બેઠકમાં કરવાની કાર્યવાહીની રૂપરેખા નક્કી કરશે. આ સભામાં સંસ્થાના વર્તમાન પ્રમુખ, પ્રમુખ સ્થાને બેસશે. તેમની ગેરહાજરીમાં ઉપ-પ્રમુખ અને તેમની ગેરહાજરીમાં સભા પ્રમુખ તરીકે કોઇ વ્યક્તિને ચૂંટી લેશે.

(૩) વિષય વિચારણી બેઠકમાં રૂપરેખા તૈયાર થયા પછી સંસ્થાની ખુલ્લી બેઠક મળશે આ સભામાં સંસ્થાના ચુંટાયેલ પ્રમુખ, પ્રમુખ સ્થાને બેસશે, પરંતુ એવા ચુંટાયેલા પ્રમુખની ગેરહાજરીમાં બંધારણની કલમ ૮(૧૮) પ્રમાણે સભા પ્રમુખ ચુંટી લેશે અને તે પ્રમુખ સ્થાને બેસશે.

(૪) બંધારણની કલમ ૭(૮) પ્રમાણે બોલાવેલી સભા માટે પણ ઉપરનો નિયમ લાગુ પડશે.

(૫) કલમ ૧૦(૩) પ્રમાણેની સભાની ખુલ્લી બેઠકમાં પ્રથમ સ્વાગત પ્રમુખનું ભાષણ, પ્રમુખસ્થાનની દરખાસ્ત, સ્વાગત મંત્રીનું ભાષણ, અનુમોદન, વિશેષ અનુમોદન, પ્રમુખસ્થાનનો સ્વીકાર, નિવૃત થતા પ્રમુખનું ભાષણ, આભાર દર્શન વગેરે થશે, પછી નવા પ્રમુખનું ભાષણ, ગત વર્ષની મીનીટનું વાંચન તેમજ હિસાબ વિગેરે થશે. ત્યારબાદ વિષય વિચારણી સમિતિએ તૈયાર કરેલા ઠરાવો ઉપર ચર્ચા અને સુધારા-વધારા, સ્વીકાર અને અસ્વીકાર પછી આખરી સ્વરૂપમાં પસાર કરવાનું કાર્ય થશે.

(૬) ઉપરનું કાર્ય થયા બાદ પ્રમુખે નવી કારોબારી સમિતિના સભ્યોના નામો જાહેર કરવાના રહેશે.

(૭) ઉપરની પેટા કલમ ૬ પ્રમાણેના સામાન્ય સભાનું કાર્ય થયા બાદ નવા ચૂંટાયેલા પ્રમુખશ્રી બજેટ ઠરાવનાં સ્વરૂપમાં સામાન્ય સભા સમક્ષ

સંયુક્ત ચેરિટિ કમિશનરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *
સંયુક્ત ચેરિટિ કમિશનરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

મુકશે. સામાન્ય સભા ઠરાવ ઉપર વિચાર કરી યોગ્ય મંજુરી આપવાનો ઠરાવ પસાર કરશે.

(૮) સામાન્ય સભા બંધારણની કલમ ૭(૬) પ્રમાણે ટ્રસ્ટીઓની ચૂંટણી કરશે.

(૯) સામાન્ય સભાએ ટ્રસ્ટીઓની ચૂંટણી બાબતમાં એ નામોની યાદી ચાર વર્ષ માટે સામાન્ય સભા પાસે વિવેક ખાતર રજુ કરવામાં આવે છે. એમ સમજવું અને મંજુરી આપવી પરંતુ સભાની ૩/૪ બહુમતિથી, આ વરસો દરમિયાન કોઇ ટ્રસ્ટીને ફેરવવાની જરૂર જણાય તો અથવા કોઇ ટ્રસ્ટીની કજા રજાએ નવી ચૂંટણી કરવાની રહેશે.

(૧૦) બંધારણની કલમ ૭(૫) પ્રમાણેના અધિકારની રૂએ બંધારણ અનુસાર કોઇપણ સભ્ય, કોઇપણ ઠરાવ અધિવેશનમાં લાવવા ઇચ્છા રાખતો હોય તેને આઠ દિવસ અગાઉ સ્વાગત મંત્રીને ઠરાવની નકલ મોકલવાની રહેશે.

કલમ-૧૧ પ્રમુખની સત્તા અને ફરજો

(૧) પ્રમુખ એક માત્ર સભાસદોએ ચૂંટેલ જવાબદાર વ્યક્તિ હોઇ, કારોબારી સમિતિના તમામ કાર્યની જવાબદારી પ્રમુખના શિરે રહેશે.

(૨) પ્રમુખ સામાન્ય સભા, અસાધારણ સભા અગર કારોબારી સમિતિના દરેક વખતે પ્રમુખસ્થાને રહેશે. પરંતુ તેમની ગેરહાજરીમાં ઉપ-પ્રમુખ અને તેમની ગેરહાજરીમાં કારોબારી સમિતિના સભ્યમાંથી કોઇ એકનું નામ કારોબારી સમિતિ નક્કી કરે તે વ્યક્તિને બેસાડી શકશે. પરંતુ કારોબારી સમિતિના આશ્રયે કોઇ ખાસ પ્રસંગે અથવા મેળાવડો ઉત્સવ વગેરેની ગોઠવણી થાય ત્યારે કારોબારી નક્કી કરે તે ગૃહસ્થપ્રમુખસ્થાને આવી શકશે.

(૩) દરેક નિર્ણય વખતે પ્રમુખ પોતાના મતનો ઉપયોગ ન કરતાં તટસ્થ રહેશે. પરંતુ જ્યારે આવો નિર્ણય સરખા મતે વહેંચાય ત્યારે પ્રમુખ પોતાના મતનો ઉપયોગ કરી ઠરાવને અમલમાં લાવવાનો કે રદ કરવાનો અધિકાર ભોગવશે.

(૪) પ્રમુખે અધિવેશનમાં પસાર થયેલા ઠરાવોને અમલમાં મુકવાની તથા તે માટે જે પ્રવૃતિ કરવી ઘટે તે કારોબારીના સભ્યોની બહુમતિથી કરવાની રહેશે.

(૫) મંડળના દરેક કાર્યની છેવટની જવાબદારી પ્રમુખની હોવાથી કારોબારી સમિતિના કોઇપણ સભ્યને સંસ્થાના નિયમ વિરૂધ્ધની વર્તણુંકના કારણે કમી કરવાનો અને તેની જગ્યાએ બીજાને પસંદ કરવાનો અધિકાર પ્રમુખને રહેશે.

(૬) કોઇપણ પ્રકારના સભ્યનું રાજીનામું સ્વીકારવાનો અધિકાર પ્રમુખને રહેશે.

(૭) દરેક હોદેદારોને કામની વહેંચણી અને દફતરોની વ્યવસ્થા કરવાનો અધિકાર પ્રમુખને રહેશે.

(૮) મંડળના મુરબ્બીઓ, હિતેચ્છુઓ ઉપરાંત કોઇ યોગ્ય વ્યક્તિને પ્રમુખ મંડળના સભ્યોમાંથી મંડળના કારોબારી સમિતિના સલાહકાર તરીકે નીમી શકશે તેની સંખ્યા વધારેમાં વધારે ૩૦ ની રહેશે મંડળના કામમાં યોગ્ય લાગે તેવી સલાહ આપવાનો તેઓને અધિકાર રહેશે એવી રીતે મળેલી સલાહ ઉપર કારોબારી સમિતિએ વિચાર કરવાનો રહેશે. કારોબારી સમિતિની બેઠકમાં રજુ કર્યા સિવાય સલાહની અવગણના થઇ શકશે નહીં.

કલમ-૧૨ કારોબારી સમિતિની ફરજો અને સત્તા

(૧) બજેટ નક્કી કરી કલમ ૧૦(૭) પ્રમાણે સામાન્ય સભાની મંજુરી મેળવવી.

(૨) બજેટની મર્યાદામાં રહીને વિધાર્થી ભવનનું સંચાલન કરવું. સ્કોલરશીપ આપવી અને મંડળના ઉદેશોને લક્ષમાં રાખી જરૂર જણાય તેવી બીજી રીતે સહાય કરવા નિર્ણયો કરવા.

(3) સાધારણ સંજોગોમાં બજેટમાં મંજુરી મળે તે ઉપરાંત અનિવાર્ય સંજોગોમાં મંજુર થયેલ બજેટના ૧૦ ટકા જેટલી વધારાની રકમ ખર્ચ કરી શકશે.

(૪) મંડળની પ્રતિષ્ઠા વધે, સભ્યસંખ્યા વધે એવી રીતે પ્રચાર, પત્રવ્યવહારવિગેરે કાર્ય કરવાની કારોબારી સમિતિની ફરજ રહેશે.

(૫) કારોબારી સમિતિ વિધાર્થીભવન ઉપર દેખરેખ રાખવા સ્થાનિક સભ્યોમાંથી એક વિધાર્થીભવન સમિતિ નીમી શકશે.

(૬) કારોબારી સમિતિ પેટા સમિતિ રચી શકશે.

કલમ-૧૩ કાર્યવાહક કોરમ

(૧) બંધારણ અનુસાર કાર્યવાહક મંડળ દ્વારા જે અધિવેશન બોલાવાય તેમાં કોરમનો દોષ ગણાશે નહીં.

(૨) બંધારણની કલમ ૭(૮) પ્રમાણે બોલાવેલી સભામાં ૧/3 સભ્યોની હાજરી કાર્યસાધક ગણાશે.

(3) કારોબારી સમિતિની સભામાં ૧/3 સભ્યોની હાજરી કાર્યસાધક ગણાશે.

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી સૌ. કચ્છ વિભાગ, રાજકોટ

(૪) દરેક સંજોગોમાં પ્રમાણમાં નિમંત્રણ આપવામાં નથી આવ્યુ એમ સાબિતથતાં સભામાં થયેલું કામ તથા સભા ગેરકાયદેસર ગણાશે.

કલમ-૧૪ ટ્રસ્ટીમંડળ અને તેની ફરજો

(૧) બંધારણની કલમ ૭(૬) તથા ૧૦(૮) માં જણાવ્યા પ્રમાણે સામાન્ય સભાએ ચૂંટેલ ૩ વ્યક્તિ આ મંડળના ટ્રસ્ટીઓ ગણાશે.

(૨) ટ્રસ્ટીઓ મંડળના માનનિય સભ્યો ગણાશે.

(3) ટ્રસ્ટીઓને મંડળની જે મિલકત જેવા કે મકાનના ડોક્યુમેન્ટસ, સિક્યોરીટીઝ અથવા રોકડ રકમ બંધારણ અનુસાર તેમને સોંપવામાં આવે તે શુધ્ધ બુધ્ધિથી, પ્રમાણિકતાપૂર્વક મંડળના શ્રેષ્ઠ હિતને લક્ષમાં રાખી કોઇપણ પ્રકારે એ મિલકતનો દુરઉપયોગ ન થાય અને આડકતરી રીતે પણ પોતાના લાભમાં તે મિલકતનો ઉપયોગ લીધા સિવાય મંડળના સંયુક્ત નામે સાચવવાની અને જાળવવાની તેમની ફરજ રહેશે.

(૪) ટ્રસ્ટીઓમાંથી કોઇ ટ્રસ્ટી પોતાનું રાજીનામું આપે અથવા કોઇ ટ્રસ્ટીની કજા રજાએ સામાન્ય સભા ટ્રસ્ટીની નિમણુંક ન કરે ત્યાં સુધી બાકીના બે ટ્રસ્ટીઓની ઉપર્યુક્ત મિલકત જાળવવાની ફરજ રહેશે.

(૫) ટ્રસ્ટની સ્થાવર મિલ્કતના દસ્તાવેજો જે તેમને સોંપવામાં આવી હોય તે કોઇ સારી રાષ્ટ્રીય કૃત સધ્ધર બેંકનાં લોકરમાં રાખવા તેમજ મંડળના કાર્યાલયમાં સુરક્ષીત તિજોરીમાં રાખવા અને આ કલમ બાબતની કારોબારી મંડળને ખબર આપવી.

(૬) કારોબારી સમિતિ પોતાને બંધારણ અનુસાર મળેલ સત્તાની રૂએ કાયદા પ્રમાણે ઠરાવ કરી ટ્રસ્ટીઓને મોકલે ત્યારે તે રકમ ટ્રસ્ટીઓએ તેમને સોંપવી.

(૭) સામાન્ય સભા મિલકત બાબતમાં જે કોઇ ઠરાવ કરે તેને ટ્રસ્ટીઓએ સંપૂર્ણ માન આપવાનું રહેશે. દરેક સંજોગોમાં ટ્રસ્ટીઓ એવા ઠરાવના કાયદેસરપણાની ખાત્રી કરવાના હક્કદાર રહેશે.

(૮) ટ્રસ્ટીઓ પોતાની મરજીથી મંડળની મિલકતનો કોઇપણ કારણસર કોઇપણ પ્રકારનો ઉપયોગ કરી શકશે નહીં અથવા જ્યાં જેવી રીતે રાખવાનું નક્કી કરેલ હોય ત્યાંથી ઉપાડી શકશે નહીં.

(૯) ટ્રસ્ટીઓને એમ લાગે કે મુકેલા નાણા સહી સલામત નથી અને તે બાબતમાં તેઓની પાસે પુરતા કારણો હોય ત્યારે તે નાણાં જ્યાં રાખેલા હોય ત્યાંથી તાત્કાલીક ઉપાડી બીજી જગ્યાએ સધ્ધર બેંકમાં ફેરવી શકશે.

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી, સૌ. કચ્છ વિભાગ, રાજકોટ

(૧૦) ટ્રસ્ટી નાણાં સબંધી ગેરવહીવટ કરતો માલુમ પડશે તો કારોબારી સમિતિ સામાન્ય સભા બોલાવી ઠરાવ કરી તેવા ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકેથી રદ કરી શકશે.

(૧૧) ટ્રસ્ટીઓ જ્યાં જ્યાં નાણાં રાખેલ હોય ત્યાં ત્યાં તે સંસ્થાઓ સાથે તે સબંધી જરૂર જણાય તો મંડળના નામે પત્રવ્યવહાર કરી શકશે. તેની નકલ કારોબારી સમિતિના મંત્રીને મોકલવી.

(૧૨) નવા ટ્રસ્ટીની નિમણુંક કરવાનો પ્રશ્ન ઉભો થાય તો કારોબારી સમિતિ સામાન્ય સભા બોલાવી તેમ કરી શકશે.

(૧૩) કોઇ સંજોગોમાં એકી સાથે બે ટ્રસ્ટીઓ રજીનામું આપે અથવા બીજીરીતે તેઓ માટે કાર્ય કરવાનું અશક્ય બને તેવા સંજોગોમાં કારોબારી સમિતિ સામાન્ય સભા બોલાવી બે ટ્રસ્ટીઓની નિમણુંક કરી શકશે.

(૧૪) ટ્રસ્ટીઓના આંતરિક મતભેદના કારણે કોઇ મુસીબત ઉભી થાય તો કારોબારી સમિતિની મદદથી સામાન્ય સભાનો નિર્ણય માંગી લેવો અને તે નિર્ણય અનુસાર વર્તવું.

(૧૫) ટ્રસ્ટની મિલકતનો તમામ હિસાબ મંડળના ચોપડામાં કોષાધ્યક્ષેરાખવાનો રહેશે. દરેક પ્રસંગે ટ્રસ્ટીઓને તે હિસાબ ટ્રસ્ટીઓ પાસેની મિલકતની સાથે મેળવવા માટે કોષાધ્યક્ષે બતાવવાનો રહેશે. ટ્રસ્ટીઓ ઇચ્છે તો પોતાની પાસે ડુપ્લીકેટ હિસાબ રાખી શકશે અથવા મંડળ પાસેનો હિસાબ કબુલ રાખશે.

(૧૬) મંડળની આવક મેળવવાની, વસુલ કરવાની અને વહીવટનો હિસાબ રાખવાની કારોબારી સમિતિની જવાબદારી રહેશે. પરંતુ બંધારણ અનુસાર જે વધારાની રકમ ટ્રસ્ટીઓને સોંપવામાં આવે તે માટે જ ટ્રસ્ટીઓ જવાબદાર ગણાશે.

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

કલમ-૧૫ <u>ઓડીટ</u>

(૧) મંડળનો વાર્ષિક હિસાબ દર વર્ષે કલમ ૭(૭) પ્રમાણે નક્કી થયેલ ઓડીટર પાસે પાસ કરાવડાવી છપાવવાનો રહેશે.

કલમ-૧૬ <u>સલાહકારો</u>

(૧) મંડળના બંધારણની કલમ ૧૧(૮) પ્રમાણે પ્રમુખને સત્તાની રૂએ પ્રમુખ જે મુરબ્બીઓ, દાતાઓ, હિતેચ્છુઓ અને અન્ય સભ્યોને નીમે તેઓ સલાહકાર ગણાશે.

(૨) તેઓ સમુહ તરીકે અથવા વ્યક્તિગત મંડળને દોરવણી આપવા માટે સલાહ આપી શકશે અને તેઓની સલાહની કારોબારી સમિતિ વિચારણા કર્યા સિવાય અવગણના કરી શકશે નહીં.

કલમ-૧૭ વિધાર્થીભવન સમિતિ

(૧) મંડળના બંધારણની કલમ ૧૨(૫) પ્રમાણે કારોબારી સમિતિ એક વિધાર્થીભવન સમિતિ સ્થાનિક સભ્યોમાંથી નીમી શકશે.

(૨) આ સમિતિ વિધાર્થીભવન માટે પેટા નિયમો તૈયાર કરી શકશે, ફેરફારોકરી શકશે. પરંતુ એ નિયમો વિધાર્થીભવન બાબતનાં બંધારણના મુખ્ય નિયમ વિરૂધ્ધ જાય તેવા હોવા જોઇએ નહીં

(3) આ સમિતિની દરેક સલાહ લીધા પછી કારોબારી સમિતિએ લીધેલા નિર્ણયો છેવટના ગણાશે.

કલમ-૧૮ સભાના નિયમો અને સભ્યો જાળવવાની શિસ્ત બાબત

(૧) સભાની શરૂઆતમાં પ્રાર્થના કરવાની રહેશે અને એ દરમ્યાન દરેકે શાંત રહેવાનું અનિવાર્ય બનશે.

(૨) સભામાં વિનય, વિવેક અને પ્રેમભર્યુ વાતાવરણ જાળવી રાખવાની દરેકની ફરજ રહેશે, દરેક સંજોગોમાં પ્રમુખની આજ્ઞાનું પાલન કરવાનું રહેશે.

(3) બંધારણની કલમ ૧૦(૧૦) પ્રમાણે નોટીસ નહીં આપી હોય તેવા ઠરાવ કે ચર્ચા ઉપસ્થિત કરી શકાશે નહીં.

(૪) સભાના કામકાજમાં શિષ્ટ સમાજની સંસ્થાઓના પ્રચલિત નિયમોનું અનુકરણ કરવામાં આવશે.

(૫) પ્રમુખને એમ લાગશે કે કોઇ સભ્ય સભાની યોગ્ય શિસ્ત જાળવતા નથી તો તેમને સભાખંડમાંથી બહાર ચાલ્યા જવાની ફરજ પાડી શકાશે.

(૬) બંધારણના નિયમો બાબતમાં વાંધા પડતી કોઇ બાબત ઉપસ્થિત થતાં બહુમતિના ધોરણે તેનો ઉકેલ કરવામાં આવશે.

કલમ-૧૯ મંડળની આવકના સાધનો

(૧) મુરબ્બી, હિતેચ્છુ તથા આજીવન સભ્યો તરફથી મળેલી અને મળવાની રકમ.

(૨) ખાસ કાયમી સ્મારક માટે મળવાની અથવા મળેલી રકમ.

(3) કાયમી તિથી ફંડ માટે મળેલી રકમ.

(૪) ઉપર્યુક્ત પેટા કલમ ૧,૨,૩ પ્રમાણેની રકમો કાયમી ફંડ માટેની ગણાશે અને તે રકમ રીઝર્વ રાખવાની રહેશે.

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

સંયુક્ત ચેરિટિ કમિશ્નરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

(૫) લવાજમ બાબતની આવક.

(૬) ચાલુ મદદ તરીકે જુદા જુદા પ્રસંગોએ મળતી રકમ અથવા વિધાર્થીભવનને ભોજન વગેરે માટે મળતી રકમ અથવા વિધાર્થીભવનને ભોજન વગેરે માટે મળતી રકમ.

(૭) વિધવા બહેનોને મદદ કરવા માટે મંડળને મળતી રકમ.

(૮) મંડળને પુસ્તકાલય ફંડમાં મદદ માટે મળતી રકમો.

(૯) મંડળને વ્યાયામ પ્રવૃતિ માટે મળતી રકમો.

(૧૦) સ્મારક ફંડમાં મળતી રકમો.

(૧૧) ઉપરની પેટા કલમ ૫,૬,૭,૮,૯,૧૦ બાબતની મળતી મદદ મંડળની ચાલુ ફંડની આવક ગણાશે અને તે બાબતનો અલગ અલગ ખાતે હિસાબ રાખવામાં આવશે.

કલમ-૨૦ <u>મંડળના ઉદેશ</u>

(૧) મંડળ તરફથી એક અથવા વધારે વિધાર્થીગૃહો ચલાવી શકશે.

(૨) મંડળ તરફથી વિધાર્થીઓ તથા વિધાર્થીનીઓને અભ્યાસ માટે સ્કોલરશીપો યોગ્યતા પ્રમાણે આપવામાં આવશે.

(૩) જ્ઞાતિની કોઇ વિધવા બહેનને અભ્યાસ કરવા માટે અપાતી સ્કોલરશીપ સિવાયની અન્ય વિધવા બહેનોને યોગ્ય સહાય મંડળના વિધવા ફંડમાંથી આપવામાં આવશે. આવી મદદ માટે એ બહેન તરફથી મંડળને વિનંતી કરવાની રહેશે.

(૪) ઉપર્યુક્ત પેટા કલમ ૩ માં જણાવ્યા ઉપરાંત કોઇ વિધવા બહેનને આવકના સાધન તરીકે કોઇ સાધનની જરૂર હશે, જેમકે સિવવાનોસંચો, ભરતગુંથણનો સંચો, રેટીયો વગેરે તો ઉપર્યુક્ત રીતે વિનંતી થતા તપાસ કરીને આપી શકાશે.

(૫) પેટા કલમ ૪ પ્રમાણે અપાયેલા સાધનોની માલિકી મંડળની રહેશે. મંડળને એમ ખાત્રી થશે કે એ સાધનોનો ઉપયોગ થતો નથી તો તે સાધનોનો મંડળ કબજો મેળવી શકાશે. પરંતુ જો એ સાધનોની કિંમત જેટલી રકમ હપ્તે હપ્તે અથવા એકસામટી મળી જતાં સાધનની માલિકી એ બહેનની થશે.

(૬) ઉપર્યુક્ત પેટા કલમ ૩,૪ અને ૫ માં જણાવ્યા પ્રમાણે મદદ કરવામાં વિધવા ફંડમાંથી રકમ પુરી ન હોય તો કારોબારી સમિતિ મંડળના ચાલુ ફંડમાંથી આવી મદદ આપી શકશે.

(૭) મંડળના વ્યાયામ ફંડનો ઉપયોગ વ્યાયામ પ્રવૃતિ વિસ્તારવામાં થશે

સંયુક્ત ચેરિટિ કમિશનરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ

સંયુક્ત ચેરિટિ કમિશનરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ

(૮) મંડળના પુસ્તકાલય ફંડનો ઉપયોગ પુસ્તકાલયને આદર્શ બનાવવામાં થશે.

(૯) આ ઉપરાંત બજેટની મર્યાદામાં રહીને કારોબારી સમિતિ પોતાને યોગ્ય લાગે તો જ્ઞાતિની કોઇપણ વ્યક્તિને અસહાય સ્થિતિમાં મદદની જરૂર હોય તો ખાત્રી કરીને આપી શકાશે.

(૧૦) કારોબારી સમિતિને યોગ્ય લાગે તો જ્ઞાતિના કોઇ વિધાર્થીને ઉચ્ચ કક્ષાના અભ્યાસ કરવા માટે લોન પણ આપી શકશે.

(૧૧) જ્ઞાતિના વિકાસ માટે એક અથવા વધારે કોમ્યુનિટી હોલ સ્થાપી શકાશે.

(૧૨) મેરેજબ્યુરો, સમુહ લગ્ન, સમુહ યજ્ઞોપવિત, તબીબી સહાય, રમત ગમત તથા સાંસ્કૃતિક પ્રવૃતિઓ તેમજ જ્ઞાતિ ઉત્કર્ષ માટેની અન્ય પ્રવૃતિઓ યોજી શકાશે.

કલમ-૨૧ <u>મંડળની મિલકતની વ્યવસ્થા</u>

(૧) મંડળના મકાન ફંડમાં મળેલ રકમ મકાન ખર્ચમાં વાપરવામાં આવેલ છે. ઉપરાંત વધુ એવી રકમો મળે તો તેની શરત અનુસાર વાપરવામાં આવશે. આ બાબતમાં દરેક દાતાઓ સાથે થયેલ શરતોનું પાલન કરવામાં આવશે.

(૨) મંડળની કાયમી આવક તરીકે ચોક્કસ સ્મારક તરીકે અને કાયમી તિથિ ભોજન માટે મળેલ રકમ પણ રીઝર્વ ફંડમાં રાખવામાં આવશે અને એ રીતે દાતાઓ સાથે થયેલી શરતોનું પાલન કરવામાં આવશે.

(3) મંડળના હાલનાં ડોક્યુમેન્ટસ અને હવે પછી બંધારણ અનુસાર જે કંઇ ખરીદ થાય તેના દસ્તાવેજ (ડોક્યુમેન્ટસ) ટ્રસ્ટના નામે રહેશે અને ટ્રસ્ટીઓએ કલમ ૧૪(૫) મુજબ આ દસ્તાવેજોની વ્યવસ્થાકરવાની રહેશે.

(૪) મંડળ તરફથી જે સિક્યોરીટીઝ, શેરો, ગવર્મેન્ટ લોન, વગેરે જે ખરીદવામાં આવે તે ટ્રસ્ટીઓએ મંડળના નામથી સધ્ધર બેંકમાં સેઇફ કસ્ટડીમાં રાખવા.

(૫) કારોબારી સમિતિ પાસે વધુમાં વધુ રૂા.૨૫,000/00 ( પચ્ચીસ હજાર) સુધીનું ફંડ રહી શકશે. આ રકમ સાચવવાની જવાબદારી પ્રમુખની રહેશે. તેથી વધારાની રકમ ટ્રસ્ટીઓને સોંપી દેવામાં આવશે.

(૬) મંડળની મિલકતનો દરેક હિસાબ કોષાધ્યક્ષએ રાખવાનો રહેશે. તેમાં દરેક જુદા જુદા ખાતા સાથે ટ્રસ્ટનું ખાતું પણ રહેશે. અને તે બાબતમાં બંધારણની કલમ ૧૪(૧૫) માં જણાવ્યા પ્રમાણે ટ્રસ્ટીઓને હિસાબમેળવી લેવા માટે જ્યારે માંગે ત્યારે બતાવવામાં આવશે.

(૭) ટ્રસ્ટીઓ ત્રણમાંથી ગમે તે બે ની સહીથી મંડળના ભંડોળની લેતી-દેતી કરી શકશે.

કલમ-૨૨ વિધાર્થી ભવન અંગે નિયમો

(૧) જ્ઞાતિના કોઇપણ વિધાર્થીને આગળ અભ્યાસ કરવાની પોતાના સ્થળે સગવડ નહીં હોય તેવા દરેક વિધાર્થીને વિધાર્થી ભવનમાં દાખલ કરી શકશે.

(૨) કારોબારી સમિતિ કોઇ વિધાર્થીને પોતાના રહેવાના સ્થળે ભણવાની સગવડ હોય તેમ છતાં ખાસ સંજોગોમાં દાખલ કરવાની જરૂર જણાય તો તેમ કરી શકશે.

(3) આ પ્રમાણેની અરજી પાસ કરતી વખતે કારોબારી સમિતિ તથા વિધાર્થી ભવન સમિતિની સંયુક્ત બેઠક મળશે.

(૪) દરેક સંજોગોમાં કારોબારી સમિતિનો ચુકાદો છેવટનો ગણાશે.

(૫) વિધાર્થી ભવનમાં માધ્યમિક શાળામાં અને કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને દાખલ કરવાના છે તેમ છતાં ખાસ સંજોગોમાં સામાન્ય સભા મળે ત્યાં સુધી યોગ્ય જણાતા કામચલાઉ નિર્ણયો લેવાનો કારોબારી સમિતિનો અધિકાર રહેશે.

(૬) ઉપર્યુક્ત દરેક બાબતમાં વિધાર્થીઓએ મંડળના મંત્રીને અરજી કરવાની રહેશે અને વિધાર્થી ભવનના નિયમો અને પેટા નિયમો માન્ય કર્યાનું ફોર્મ ભરી આપવાનું રહેશે.

(૭) વિધાર્થી ભવનમાં દરેક વખતે નક્કી થયા પ્રમાણે જે કક્ષામાં આખી ફી, અડધી અથવા ફ્રી(મફત) થી કે જે પ્રમાણે દાખલ કરવામાં આવશે તે પ્રમાણેની ફી વિધાર્થીએ અગાઉથી આપવાની રહેશે.

કલમ-૨૩ બંધારણમાં ફેરફાર થઇ શકવા બાબત

(૧) બંધારણમાં કોઇપણ પ્રકારના ફેરફાર મંડળની સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોની ૩/૪ બહુમતિ સિવાય કરી શકાશે નહીં.

કલમ-૨૪ ઉદેશોમાં ફેરફાર

(૧) મંડળના ઉદેશમાં કાયદેસર રીતે બોલાવેલી સામાન્ય સભા સર્વાનુમતિ સિવાય કંઇપણ ફેરફાર કરી શકશે નહીં.

૨૫. બંધારણમાં ફેરફાર –

બંધારણમાં જે સુધારો કરવાનો હશે તે સામાન્ય સભાની મીટીંગના એજન્ડામાં પ્રથમથી દર્શાવવામાં આવશે. પરંતુ આ પહેલા ટ્રસ્ટી મંડળ આ ફેરફાર અંગે ચર્ચા વિચારણા કરેલી હોવી જોઇએ. આ રીતે પ્રથમથી

સંયુક્ત ચેરિટિ કમિશનરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *
સંયુક્ત ચેરિટિ કમિશનરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

જ નિર્દેશ કરેલ ફેરફાર સામાન્ય સભામાં હાજર રહેલા સભ્યોની ૨/3 ની બહુમતીથી પસાર કર્યેથી બંધારણમાં ફેરફાર કે સુધારો વધારો કરી શકશે. આવા સુધારા ગુજરાત સાર્વજનીક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની જોગવાઇઓને આધીન રહીને કરી શકશે.

૨૬ સંસ્થાનું વિસર્જન -

સંજોગોવસાત ટ્રસ્ટ ને બંધ કરવાનો સમય આવે ત્યારે સામાન્ય સભામાં બહુમતીથી ઠરાવ કરીને, ગુજરાત સાર્વજનીક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની જોગવાઇઓને આધીન રહીને, ટ્રસ્ટની સ્થાવર-જંગમ મિલકત ટ્રસ્ટના મૂળ ઉદ્દેશો જેવા બીજી ઉદ્દેશોવાળી સંસ્થા કે જે આવક વેરા ધરાની કલમ - ૧૨ AA હેઠળ નોંધાયેલ હોય તેવી સંસ્થાને સોપી આપવામાં આવશે. આ અંગે જે તે વખતના ચાલુ કાયદાને અનુસરવામાં આવશે. આવી મિલકતો ઉપર ટ્રસ્ટીઓ/ટ્રસ્ટી મંડળનો કોઈ અધિકાર રહેશે નહી.

રાજકોટ

તા.૦૨/૦૯/૨૦૨૧

JOINT CHARITY COMMISSIONER
RAJKOT

( પી.સી.રાવલ ) 2/9/21

સંયુકત ચેરિટી કમિશનર

સૈરાષ્ટ્ર અને કચ્છ વિભાગ,

રાજકોટ.

સંયુકત ચેરિટી કમિશનરશ્રી * સૌ. કચ્છ વિભાગ, રાજકોટ *

12 SEP 2021

Seen
N.S. Lakhani
Advt.
dt. 4-9-2021

નકલ ફી રૂ. 50 /-
પેપર ફી રૂ. —
મુકાબલા રૂ. 83 /-
કુલ રૂ. 133 /-

આથી દાખલો આપવામાં આવે છે કે આ પ્રમાણિત નકલ છે

અધીક્ષક 04/09/21
સંયુક્ત ચેરિટી કમિશનરશ્રીની કચેરી
રાજકોટ

નકલ કરનાર
મુકાબલ કરનાર